# 15 મુઘલ યુગ

મધ્યયુગીન ભારતીય ઈતિહાસમાં દિલ્હી સલ્તનત પછી મુઘલ શાસનની શરૂઆત (ઈ.સ. 1526) થઈ. બાબરે ઈબ્રાહિમ લોદીને પાણીપતના મેદાનમાં હરાવીને ભારતમાં મુઘલ શાસન સ્થાપ્યું. મુઘલ શાસનમાં હુમાયુ, અકબર, જહાઁગીર, શાહજહાઁ, ઔરંગઝેબ જેવા શાસકો થયા. તેમના સમયમાં ભારતના રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં વિકાસ થયેલો જોવા મળે છે. મુઘલ યુગે કલા-સ્થાપત્યને ક્ષેત્રે ભારતને સ્મારકોની અમૂલ્ય ભેટ આપી છે. મુઘલયુગમાં હિંદુ- મુસ્લિમ સમન્વય પણ થયેલો જોવા મળે છે. જેનો અભ્યાસ આપણે આ એકમમાં કરીશું.

## ભારતમાં મુઘલ સત્તાની સ્થાપના

દિલ્હી સલ્તનતના પતન બાદ ભારતમાં મુઘલ યુગની શરૂઆત થઈ. પ્રથમ શાસક બાબર પછી ઘણા મુઘલ બાદશાહો આવ્યા, જેમણે મુઘલ યુગની સત્તાને વિસ્તારી અનેક પ્રકારની સિદ્ધિઓ હાંસલ કરી.

## બાબર (ઈ.સ. 1526 - 1530)

બાબરનો જન્મ ઈ.સ. 1483માં થયો. તેનું મૂળ નામ ઝહીરૂદ્દીન મુહમ્મદ બાબર હતું. તેના પિતાનું નામ ઉમર શેખ મિર્ઝા અને માતાનું કુતલુગ નિગારખાન બેગમ હતું. બાબર પિતૃ પક્ષે તિમૂર અને માતૃ પક્ષે ચંગેઝખાનનો વંશજ હતો. કાબુલમાં સત્તા પ્રાપ્ત કર્યા બાદ બાબરે (ઈ.સ. 1518 - 19) ભારત પર ચડાઈ કરીને, સિયાલકોટ, દિપાલપુર પર અધિકાર પ્રાપ્ત કર્યો. અહીંથી બાબરને દોલતખાન (પંજાબના હાકીમ) અને આલમખાઁ (ઈબ્રાહીમના કાકા) એ ભારત પર હુમલો કરવાનું આમંત્રણ આપ્યું. દિલ્હી સલ્તનતના શાસક ઈબ્રાહીમ લોદી સાથે પાણીપતના પ્રથમ યુદ્ધમાં લોદીને પરાજય આપી બાબરે ભારતમાં મુઘલ શાસનની શરૂઆત કરી.


બાબર

બાબર સાથેનાં યુદ્ધમાં (ઈ.સ. 1527) રાજપૂતોના સંઘનું નેતૃત્વ રાણાસાંગાએ કર્યું હતું તેથી બાબરે ખાનવા મુકામે યુદ્ધ કરી રાણા સાંગાને હરાવ્યા.

ખાનવાના યુદ્ધ બાદ બાબરે ચંદેરી તરફ નજર કરી. ચંદેરીમાં મેદનીરાયનું શાસન હતું. આ બંને વચ્ચે યુદ્ધ થયું, જેમાં બાબરનો વિજય થયો. અહમદશાહને ચંદેરીનો કબજો સોંપીને બાબર આગ્રા પરત ફર્યો. હજુ સુધી કેટલાક અફઘાન રાજાઓ, સરદારોને નમાવવાના બાકી હતા. આ સમયે અફઘાનોએ બિહારમાં પોતાની સત્તા જમાવી. તેણે લખનૌ, શમ્સબાદ અને કનોજનો કબજો લીધો. બાબરે ઘાઘરાના યુદ્ધથી રાજપૂતો પર સંપૂર્ણ અંકુશ મેળવ્યો. ત્યારબાદ તેનો રાજ્યવિસ્તાર પશ્ચિમે કાબુલથી પૂર્વે ધામસ નદી અને ઉત્તરે હિમાલયથી દક્ષિણે ગ્વાલિયર સુધી ફેલાયો.

બાબરે પોતાના સમયમાં અનેક સંઘર્ષો કરીને ભારતમાં મુઘલ સત્તાને ટકાવી પોતાના સામ્રાજ્યનો વિકાસ કર્યો. પરંતુ બાબર આ સામ્રાજ્યનું સુખ લાંબું ભોગવી શક્યો નહિ. પારાવાર મુશ્કેલીઓ, સળંગ યુદ્ધો, રખડપટ્ટી, વ્યસનો વગેરેને લીધે તે બીમાર પડ્યો. અંતે (26 ડિસેમ્બર, ઈ.સ. 1530) તેનું અવસાન થયું. બાબર એક સફળ સેનાપતિ, લેખક, કવિ તથા વિવેચક હતો. તેણે પોતાની આત્મકથા 'તુઝકે બાબરી' લખી, જેનો ફારસી અનુવાદ 'બાબરનામા' કહેવાય છે.

## હુમાયુ (ઈ.સ. 1530 - 1540)

નાસિરૂદ્દીન મહંમદ હુમાયુનો જન્મ (માર્ચ, ઈ.સ. 1508) કાબૂલ મુકામે થયો. 'હુમાયુ' શબ્દનો અર્થ 'ભાગ્યશાળી' થાય છે. પરંતુ તે કમનસીબ બાદશાહ હતો. તે તુર્કી અને ફારસી ભાષાનો સારો જાણકાર હતો. તે ખગોળ, ભૂગોળ, જ્યોતિષ, તત્ત્વજ્ઞાન વગેરેનું સારું જ્ઞાન ધરાવતો હતો. તેના પિતા બાબરની સાથે ભારત પરના આક્રમણ સમયે તે સાથે જ હતો. બાબરનું અવસાન થવાથી તે મુઘલ સત્તાની ગાદીએ બેઠો.



હુમાયુ

હુમાયુએ કાલિંજર પર આક્રમણ કર્યું. ત્યાંના રાજા પ્રતાપરૂદ્રદેવને હરાવ્યો. તે પછી દૌરાહ કે દોહરિયાનું યુદ્ધ થયું, જેમાં હુમાયુનો વિજય થયો. તેની યાદમાં હુમાયુએ દિલ્હી પાસે દીનપનાહ નગર વસાવ્યું. ત્યાર બાદ ચુનાર પર હુમલો કર્યો, જેમાં શેરશાહ હાર્યો અને પોતાના પુત્ર કુતલુગખાંને હુમાયુની સેવામાં મોકલ્યો. બિહારમાં મિર્જા અને મુહમ્મદ સુલતાનોનો વિદ્રોહ થયો, જેને હુમાયુએ સફળતાપૂર્વક દબાવી દીધો. હુમાયુનો ગુજરાતના બહાદુરશાહ સાથે સંઘર્ષ થયો, જેમાં માળવા અને ગુજરાત પર અધિકાર મેળવવામાં તે સફળ થયો. બંગાળના વિજય બાદ તે ગૌડમાં રહ્યો. શેરખાન અને હુમાયુ વચ્ચે ચૌસાનુ યુદ્ધ થયું, જેમાં હુમાયુનો પરાજય થયો. હુમાયુ ફરી વાર આ પરાજયનો બદલો લેવા કનોજ તરફ આગળ વધ્યો. બિલગ્રામમાં (કનોજની પાસે) શેરશાહ સાથે યુદ્ધ થયું, જેમાં સંપૂર્ણપણે હાર થઈ. ભારત છોડી ભારતની બહાર રહ્યો. ત્યાં તેણે ઈરાનના શાહની મદદ લઈ પોતાનો ગુમાવેલો વિસ્તાર પાછો મેળવવા ફરી વિજયકૂચ આદરી. તેથી સિકંદર સૂર (શેરશાહના વંશજ) અને હુમાયુ વચ્ચે યુદ્ધ થયું. તેમાં હુમાયુનો વિજય થતાં તેણે દિલ્હી અને આગ્રામાં મુઘલ શાસનની સ્થાપના કરી.

પોતાનો આ વિજય તે લાંબો સમય જોઈ શક્યો નહિ. સાંજની પ્રાર્થનાનો સમય થતા તે ગ્રંથાલયનાં પગથિયાં પરથી પડી જતાં મૃત્યુ પામ્યો (24 જાન્યુઆરી, 1556). હુમાયુએ પોતાના શાસનકાળ દરમિયાન અનેક સંઘર્ષો કરી દિલ્હી પર પોતાની સત્તા ટકાવી રાખી. તે એક આનંદી, ઉદાર, નમ્ર અને શૂરવીર હતો. તેની બહેન ગુલબદન બેગમે 'હુમાયુનામા' ની રચના કરી હતી. તેણે સૂર શાસનની જગ્યાએ ફરી દિલ્હી પર મુઘલ શાસનની સ્થાપના કરી હતી, જે એક મહત્ત્વની સિધ્ધિ ગણાવી શકાય.

## શેરશાહ સૂરી (અફઘાન શાસક) (ઈ.સ. 1540 - 1545)



શેરશાહ સૂરી (અફઘાન શાસક)

શેરશાહનું મૂળ નામ ફરીદખાઁ હતું. તેના પિતા હસનખાઁ હતા. પિતા-પુત્ર વચ્ચે કોઈ અણબનાવને લીધે ઝગડો ચાલ્યા કરતો હતો. તે વિદ્યાભ્યાસમાં અરબી અને ફારસી ભાષા શીખ્યો હતો. હસનખાઁએ ફરીદખાઁને તેનો વહીવટ સોંપ્યો. તેણે મહેસૂલી સુધારાઓ કર્યા તેથી તે ખૂબ જ લોકપ્રિય બન્યો. પરંતુ આગળ જતાં તેણે પોતાની જાગીરનો ત્યાગ કરી બિહારખાઁ લોહાનીની સેવામાં રહ્યો. તેણે શિકાર દરમિયાન વાઘ (શેર)ને તલવારના એક ઝાટકે મારી લોહાનીનો જીવ બચાવતાં તેણે તેને 'શેરખાઁન' નો ઈલકાબ આપ્યો. હુમાયુ અને શેરશાહ વચ્ચે ચૌસાનું યુદ્ધ થયું, જેમાં તેનો વિજય થયો. આ વિજય બાદ શેરખાઁએ પોતાને સ્વતંત્ર રાજા જાહેર કરી, શેરશાહ નામ ધારણ કર્યું. બીજી બાજુ હુમાયુ પોતાની હારનો બદલો લેવા તૈયારી કરતો હતો. કનોજમાં શેરશાહ અને હુમાયુ વચ્ચે યુદ્ધ થયું, તેમાં શેરશાહનો વિજય થયો. આ વિજય બાદ શેરશાહ દિલ્હીનો બાદશાહ બન્યો.

એ દરમિયાન બંગાળના સૂબેદાર ખિઝરખાઁએ વિદ્રોહ કર્યો. પરિણામે શેરશાહે બંગાળને જુદા-જુદા 16 સરકારો (જિલ્લા)માં વિભાજિત કરી દીધું. તેણે રાયસીનના રાજા પુરણમલને હરાવ્યો, ત્યારે શેરશાહે કહ્યું હતું કે, ''હું મુઠ્ઠીભર બાજરા માટે લગભગ હિંદુસ્તાન ખોઈ બેસત''. શેહશાહનું છેલ્લું યુદ્ધ એ કાલિંજર (બુંદેલખંડ)ના કીર્તિસિંહ ચંદેલ સાથે થયું હતું. આ યુદ્ધના સમય દરમિયાન શેરશાહનું અવસાન થયું. તેનો મકબરો સસારામ (બિહાર)માં આવેલ છે.

## શેરશાહ સૂરીના સુધારા

શેરશાહ એક શૂરવીર અને સફળ સૈનિક તથા વિજેતા ઉપરાંત એક કુશળ અને કાર્યક્ષમ વહીવટકર્તા અને સુધારક હતો. વહીવટી મહેસૂલી તથા લશ્કરીક્ષેત્રે દીર્ઘકાલીન સુધારાઓ કર્યા. તેણે સિક્કાઓ પણ બહાર પાડ્યા. તેના વિજયો કરતાં તેના સુધારાઓ વધુ મહાન હતા. ડૉ. આર. સી. મજુમદાર લખે છે કે, ''પ્રાચીન અને અર્વાચીન ભારત વચ્ચે શેરશાહ એક કડી સમાન હતો''. તેના સુધારા અને નીતિમાં અકબરની મહાનતાનો પાયો નંખાયો. પ્રજાનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ તથા સંતોષ પર રાજ્યની ઉન્નતિનો આધાર રહેલો છે તે બાબત શેરશાહ સારી રીતે જાણતો હતો. શેરશાહે પોતાના રાજ્યકાળ દરમિયાન મહત્ત્વપૂર્ણ સુધારાઓ કર્યા. તેણે ટોડરમલ નામના હિંદુ અધિકારીની મદદથી જમીન-મહેસૂલ પદ્ધતિ અને ખેડૂતોની સ્થિતિમાં ધરમૂળથી ફેરફારો કર્યા. તેણે જમીન-મહેસૂલ ઉઘરાવવાનો કોઠો તૈયાર કરીને તે મુજબ જમીન મહેસૂલ ઉઘરાવવાનું નક્કી કર્યું. વેપાર-વાણિજ્યના વિકાસ અને વ્યવસ્થાની જાળવણી માટે શેરશાહે રાજ્યમાં સર્વત્ર કાયદો જાળવવા ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો. રસ્તાઓને સુરક્ષિત બનાવ્યા. સૈન્યમાં કડક શિસ્ત દાખલ કરી, સૈનિકોને રોકડ પગાર આપવાની શરૂઆત કરી. પોલીસતંત્રની સ્થાપના કરી. પ્રજા સંસ્કારી અને ચારિત્ર્યશીલ બને તે માટે શાળા, પાઠશાળાઓ, ગ્રંથાલયોની યોજના અમલમાં મૂકી. શેરશાહે આ બધા જ સુધારા પોતાની લડાઈઓમાં વ્યસ્ત હોવા છતાં માત્ર પાંચ જ વર્ષમાં કર્યા હોવાથી ભારતના ઈતિહાસમાં તેણે અગ્રીમ સ્થાન મેળવ્યું.

## અકબર (ઈ.સ. 1556 - 1605)


અકબર


સમ્રાટ અકબરનો જન્મ (15 ઑક્ટોબર, 1542) અમરકોટના કિલ્લામાં થયો. તેનું પૂરું નામ જલાલુદ્દીન મહંમદ અકબર હતું. તેના પિતા નાસિરૂદ્દીન હુમાયુ અને માતા હમીદા બેગમ હતાં. તેના પિતાએ અકબરના જન્મ વખતે કસ્તુરી વહેંચીને કહ્યું હતું કે, કસ્તુરીની સુવાસની જેમ અકબરની સુવાસ પણ પ્રસરશે અને તેનાથી આખું જગત મહેંકી ઊઠશે. હુમાયુની નાસભાગને લીધે અકબરનું પ્રારંભિક જીવન ખૂબ જ મુશ્કેલીઓમાં વિત્યું. હુમાયુનું અવસાન થતાં, નાની વયે તેનો રાજ્યાભિષેક (ઈ.સ. 1556) કરવામાં આવ્યો. આ સમયે હેમુએ અકબરને અને તેના વાલી બહેરામખાઁને લલકાર્યો, તેથી (ઈ.સ. 1556) પાણીપતના બીજા યુદ્ધમાં અકબર અને હેમુ વચ્ચે યુદ્ધ થયું. તેમાં અકબરનો વિજય થયો. અકબરને બહેરામખાઁ જેવા અનુભવી અને શક્તિશાળી સેનાપતિ અને કુશળ વહીવટકર્તા મળ્યો. તેણે સતત યુદ્ધો કરી સમગ્ર ઉત્તર ભારત અને મધ્ય ભારતમાં પોતાની સત્તાનો વિકાસ કર્યો. તેણે સફળ નીતિ દ્વારા હિંદમાં શક્તિશાળી અને વિશાળ સામ્રાજ્ય સ્થાપ્યું.

## અકબરના વિજયો અને કેટલાંક નાનાં રાજ્યોનું જોડાણ

સગીર વયે અકબરે રાજગાદી સંભાળી, ત્યારે તેની માતા હમીદાબેગમ અને ધાત્રીમાતા માહમ આનગાએ રાજ્ય ચલાવ્યું. અકબરની વય વધવાની સાથે જ અકબરની વૈચારિક શક્તિ જાગ્રત થઈ ચૂકી હતી, તેથી બહેરામખાનને હજયાત્રા કરવા મોકલી તેણે રાજ્યની સત્તા સંભાળી લીધી. પોતાની રાજ્યસત્તાનો વિકાસ કરવા શરૂઆતમાં તેણે માળવાના બાજ બહાદુર પર આક્રમણ કરતાં તેણે ચિત્તોડ જઈને આશરો લીધો. અકબરે આમેરના રાજા ભારમલની પુત્રી હરખાબાઈ સાથે લગ્ન કરી, ભારમલના પુત્ર માનસિંહને પોતાના દરબારમાં રાખ્યો. આમેરનો રાજા હવે રાણા ઉદયસિંહને બદલે અકબરની આધીનતામાં આવી ગયો. અકબરે મેડતાનો કિલ્લો જીતી લેતાં, ઉત્તર મારવાડ પણ અકબરને આધીન થયું. અકબરે બુંદેલખંડ અને ગોંડવાના જીતી લીધું. રાણી દુર્ગાવતી યુદ્ધમાં લડતાં-લડતાં વીરગતીને પામી. તે પછી રાજા કલ્યાણસિંહે અકબરની

સર્વોપરિતા સ્વીકારી, ઉઝબેક ઉમરાઓએ જૌનપુરમાં કરેલો બળવો અકબરે સખત રીતે દાબી દીધો. અકબરે કાબુલથી ઓરિસ્સા સુધી સામ્રાજ્ય સર્જીને શાંતિ અને પ્રગતિ માટે સક્રિય પગલાં ભર્યાં.

અકબરે પોતાના સામ્રાજ્યના વિકાસમાં અડચણરૂપ ઊભેલા મેવાડ રાજ્યની સામે ભારે લશ્કરી તૈયારી સાથે આક્રમણ કર્યું. મેવાડના સેનાપતિએ પોતાનો નિશ્ચિત પરાજય થશે તેમ માનવા છતાં, મહારાણા પ્રતાપને પહાડોમાં મોકલી આપી, જયમલ રાઠોડને પોતાનો મુખ્ય અધિકારી બનાવી પોતાના બીજા નેતા તરીકે રણમલ પટ્ટા સિસોદિયાને પોતાના લશ્કરનું સુકાન સોંપ્યું. ધમાસાણ યુદ્ધ પછી અકબરે ચિત્તોડગઢ પર પોતાનો અધિકાર જમાવી દીધો. ખુદ બાદશાહ અકબર પણ શૂરવીર જયમલ અને પટ્ટાના શૌર્યથી પ્રભાવિત થઈ આગ્રાની બહાર તેણે બંનેની હાથીઓ પર સવાર કરેલી મૂર્તિઓ બનાવડાવી સ્મારકરૂપે સ્થાપિત કરી. ચિત્તોડ પછી રણથંભોર પણ અકબરના હાથમાં આવી ગયું. બુંદેલખંડ (રેવાના રાજાનું કાલિંજર ગઢ) પણ જીતી લેવામાં આવ્યું. આ જ સમયે ફતેહપુરસિક્રીમાં અકબરને એક પુત્ર થયો જેનું નામ સલીમ (જહાંગીર) રાખવામાં આવ્યું. તેથી તે સ્થળ શુભ માનીને ત્યાં તેણે પોતાની રાજધાની દિલ્હીને બદલે ફતેહપુરસિક્રી બનાવી. ગુજરાતના પાટનગર અમદાવાદ પર લશ્કરના સેનાપતિ મિર્ઝા અઝીઝ કોકા અને અકબરે આક્રમણ (ઈ.સ. 1572) કરી અમદાવાદ જીતી લીધું. અમદાવાદનો સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજો ભાગીને જામનગરના શાસકને શરણે ગયો. મુઘલ સૈન્યે ધ્રોળ પાસે પ્રખ્યાત ભૂચરમોરીની લડાઈમાં જાડેજાઓ સાથે યુદ્ધ કર્યું. તેમાં મિર્ઝા અઝીઝ કોકાનો વિજય થયો. એ જ સમયે લશ્કરે ખંભાત અને સુરત કબજે લઈ મુઘલ શાસન સ્થાપ્યું. બંગાળ અને મેવાડના શાસકોનાં અવસાન થવાથી તથા કૂચબિહારના રાજા નરનારાયણની સહાયથી અકબરે બંગાળ જીતી લીધું.



**અકબરના સમયનું ભારત**

વાયવ્ય સરહદ પર અકબરે ધ્યાન કેન્દ્રિત કરી યુસુફઝાઈ ટોળીઓ, રોશનિયા જાતિ, ઉઝબેગોને નમાવી સ્વાત, બજોરે અને બુનેરનો કબજો લીધો. અકબરે રાજા ભગવાનદાસ અને કાસીમખાનને કાશ્મીર જીતવા મોકલ્યા. કાશ્મીરના સુલતાન યુસુફશાહનો અને તેના પુત્ર યાકુબનો પણ પરાજય થતાં, કાશ્મીરનું પણ મુઘલ સામ્રાજ્ય સાથે જોડાણ કરવામાં આવ્યું. કાબુલ પર અકબરના ભાઈ મિર્ઝા મહમ્મદ હાકેમનું શાસન હતું. તે અવારનવાર પંજાબ પર આક્રમણ કરતો. તેથી અકબરે કાબુલ પર આક્રમણ કર્યું. તેનો ભાઈ નાસી જતાં અકબરે કાબુલમાં પ્રવેશ કર્યો. અંતે (ઈ.સ. 1585) કાબુલનું મુઘલ સામ્રાજ્યમાં વિલિનીકરણ કરવામાં આવ્યું.

અકબરે સિંધ અને બલૂચિસ્તાન જીતી લીધાં અને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધાં. અકબરના સેનાનાયક શાહબેગે કંદહાર જીતી લીધું. આમ, કાબુલ-કંદહારથી લઈને દક્ષિણમાં નર્મદા અને પૂર્વમાં બ્રહ્મપુત્ર નદી સુધીનો વિસ્તાર અકબરના સામ્રાજ્યમાં સમાયો.

અકબરે દક્ષિણ ભારતનીતિ અંતર્ગત સમગ્ર ભારતમાં પોતાની રાજસત્તા સ્થાપી. દક્ષિણમાં તે ફિરંગીઓને અંકુશમાં રાખવા ઇચ્છતો હતો. આ સમયે દક્ષિણમાં મુસ્લિમ રાજ્યો જેવાં કે અહમદનગર, બીજાપુર, ગોલકોંડા, ખાનદેશ અને વિજયનગર અંદરોઅંદર લડાઈઓ કરીને નબળાં પડ્યાં હતાં. તેનો લાભ અકબરે લીધો. બીજાપુર રાજ્યના અહમદનગરનો તેણે ઘેરો ઘાલ્યો. સુલતાના ચાંદબીબીએ મુઘલ સૈન્યનો વીરતાથી મુકાબલો કર્યો, છતાં અકબરનો વિજય થયો. ત્યારબાદ તેણે ખાનદેશ જીત્યું. આમ, 50 વર્ષના શાસન દરમિયાન અકબરે ભારતના મોટાભાગ પર એકચક્રી શાસન સ્થાપ્યું.

અકબરે ઉક્ત વિજયો બાદ પોતાના સામ્રાજ્યમાં સત્તા ટકાવી રાખવા માટે પોતાની કુનેહ અને શક્તિનો ઉપયોગ કર્યો. આ માટે તેણે રાજપૂતનીતિ, ધાર્મિકનીતિ, શિક્ષકો અને સંરક્ષકો પ્રત્યેનો આદરભાવ વગેરે અપનાવ્યાં. તેણે ફતેહપુરસિક્રીમાં ઇબાદતખાનાનું મકાન બંધાવી તેમાં બધા જ ધર્મના નેતાઓ સાથે ચર્ચા કરીને સર્વ ધર્મનાં વિશિષ્ટ તત્ત્વો તથા મૂળભૂત સિદ્ધાંતો તારવીને દીનેઇલાહી ફિરકા(સંપ્રદાય)ની સ્થાપના કરી (ઈ.સ. 1583). આ ઉપરાંત તેણે સામાજિક, વહીવટીક્ષેત્રે અને મહેસૂલી તથા આર્થિકક્ષેત્રે ઘણા સુધારાઓ કર્યા હતા. તેના સમયમાં અકબરે ઇલાહી સંવતની શરૂઆત પણ કરી. તેણે મેળવેલા વિજયો

અને તેણે કરેલા સુધારાઓએ તેની પ્રગતિમાં ખૂબ મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આ સમયે હિંદુ-મુસ્લિમ એકતા સાધનાર સૌપ્રથમ બાદશાહ હતો. અકબર પોતે અશિક્ષિત હોવા છતાં શિક્ષણ, સાહિત્ય અને કલાને પ્રોત્સાહન આપ્યું હતું. જમાબંધી પ્રકારની મહેસૂલપદ્ધતિના ઘડવૈયા ટોડરમલ, મુઘલ લશ્કરના સેનાપતિ રાજા માનસિંહ, 'આઇ-ને-અકબરી' અને 'અકબરનામા'ના ઇતિહાસલેખક અબુલફઝલ, કુશળ કવિ અને સંસ્કૃત સાહિત્યના વિદ્વાન ફૈઝી, રામાયણ અને મહાભારતનું ફારસીમાં ભાષાંતર કરનાર મુન્નાબખબુ, 'તવારીખ'ના કર્તા બદાયુની, શાસ્ત્રીય સંગીતમાં મહાન ગાયક તાનસેન, કુશાગ્ર બુદ્ધિ ધરાવનાર વિનોદી મુલ્લા દોપ્યાજા, પ્રખર બુદ્ધિચાતુર્ય ધરાવનાર વીર બિરબલ, યુનાની ઔષધના નામાંકિત હકીમ હુમામએ અકબરના દરબારનાં નવ રત્નો હતાં. અકબરનું અવસાન અતિસાર રોગના કારણે થયું. તેને આગ્રાથી 10 કિમી દૂર સિંકદરામાં દફનાવવામાં આવ્યો.

### જહાઁગીર (ઈ.સ. 1605-1627)


નૂરજહાઁ


જહાઁગીર

જહાઁગીરનો જન્મ ફતેહપુરસિક્રીમાં થયો. તેનું મૂળ નામ સલીમ હતું. તેના પિતા અકબર અને માતા હરખાબાઈ હતાં, જે ભારમલની પુત્રી હતી. સલીમના જન્મ પછી અકબરે પગપાળા ચાલીને અજમેર ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તિની દરગાહની યાત્રા કરી. અકબરના અવસાન બાદ (24 ઑક્ટોબર, 1605) આગ્રાના કિલ્લામાં જહાઁગીરનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. એણે નુરૂદ્દીન મુહમ્મદ જહાઁગીર બાદશાહ ગાઝીની પદવી ધારણ કરી રાજસત્તા હાથ ધરી.

જહાઁગીરે કાબુલ પર આક્રમણ કર્યું. જહાઁગીરે આમેરના રાજા ભગવાનદાસની પુત્રી માનબાઈ સાથે લગ્ન કર્યાં. એનાં બીજાં લગ્ન ઉદયસિંહની પુત્રી જગતગોસાઈ (જોધાબાઈ) સાથે થયાં. સલીમે પ્રયાગમાં શાહની ઉપાધી ધારણ કરી. જહાઁગીર કાંગડા પર વિજય પ્રાપ્ત કરનાર પ્રથમ મુઘલ શાસક હતો. તેણે બંગાળ, મેવાડ, દખ્ખણ, કાંગડામાં વિજયો મેળવ્યા હતા. તેના સમયમાં અનેક વિદ્રોહો થયા છતાં તેને દબાવી પોતાની સત્તાને ટકાવી રાખવાના પ્રયાસો કર્યા.

જહાઁગીરનાં લગ્ન મેહરૂન્નિસા (નૂરજહાઁ) સાથે થયાં. જર્હાંગીરે તેને નૂરજહાઁની ઉપાધિ આપી હતી. તેને ચિત્રકલામાં વિશેષ રુચિ હતી. તેણે લાહોરમાં બાગ અને અકબરનું સ્મારક બનાવ્યું. ભારતીય રાજકારણમાં (ઈ.સ. 1611 થી ઈ.સ. 1627) મુઘલશાસન પર નૂરજહાઁની પકડ રહી. 11 વર્ષ સુધી તેણે કુશળતાથી વહીવટમાં અગત્યનો ભાગ ભજવ્યો. તેના શાસનકાળ(ઈ.સ. 1608)માં દરિયાઈમાર્ગે અંગ્રેજ સાહસિક-વ્યાપારી જહોન હોકિન્સનું સુરત થઈ ભારતમાં આગમન થયું. તેના અવિરત પ્રયાસોથી, અંતે (ઈ.સ. 1613) સુરત મુકામે પ્રથમ અંગ્રેજી કોઠી (વ્યાપારી મથક) સ્થાપવાનો પરવાનો આપવામાં આવ્યો. ત્યારબાદ (ઈ.સ. 1615) બ્રિટિશ તાજનો પ્રથમ રાજપુરુષ-એલચી થોમસ (ટોમસ) રો પણ ભારત આવ્યો. તેના સમયે જ શીખગુરુ અર્જુનસિંહને મૃત્યુદંડ આપવામાં આવ્યો.

### શાહજહાઁ (ઈ.સ. 1627-1657)


શાહજહાઁ

જહાઁગીરના અવસાન બાદ તેનો પુત્ર શાહજહાઁ સત્તા પર આવ્યો. તેનો જન્મ લાહોરમાં થયો. તેનું મૂળ નામ ખુર્રમ (આનંદી) હતું. તેની માતાનું નામ જગતગોસાઈ હતું. તેનાં લગ્ન આસફખાનની પુત્રી અર્જુમંદબાનુ બેગમ (મુમતાઝ મહલ) સાથે થયાં હતાં. જહાઁગીરનાં અવસાન બાદ શાહજહાઁનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. ભારતીય ઇતિહાસમાં શાહજહાઁના સમયને સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. તેણે ભારત પર કુલ 30 વર્ષ સુધી શાસન કર્યું. રાજ્યની આબાદીનો પાયો ખેતી હોવાનું તે પણ અકબરની જેમ જ માનતો હતો. તેથી તેણે તેના દાદા (અકબર)ની મહેસૂલી પદ્ધતિ ચાલુ રાખી. શાહજહાઁએ સિંચાઈ માટે નહેરો બંધાવી. તેણે વ્યાપાર-વાણિજ્યક્ષેત્રે અધિકારીઓને નિમ્યા હતા.

શાહજહાઁના પુત્ર ઔરંગઝેબે-મુઘલ સામ્રાજ્યની આસપાસના વિસ્તારો પર તથા પોતાના વિદ્રોહીઓ પર અંકુશ મેળવ્યો. આ સમયે તેણે બુંદેલખંડનો વિદ્રોહ (ઈ.સ. 1628- 1634) પણ દબાવ્યો હતો. શાહજહાઁએ તેના સમયમાં જે સ્થાપત્યો રચાવ્યાં તેમાં તાજમહાલ (આગ્રા),

શાહજહાઁનાબાદનો લાલકિલ્લો દિલ્હી, જામા મસ્જિદ (આગ્રા), મોતી મસ્જિદ (આગ્રા), દીવાને આમ, દીવાને ખાસ વગેરે સ્થાપત્યની દૃષ્ટીએ ઉત્તમ નમૂનારૂપ બાંધકામ થયેલાં જોવા મળે છે. તેની પ્રિય બેગમ મુમતાઝની યાદમાં તેણે તાજમહાલ બનાવ્યો. પોતાની ઉત્તમ સ્થાપત્યકલાના સૌંદર્યને લીધે તે વિશ્વની અજાયબીઓમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યો. વિવેચકો તેને બેગમ મુમતાઝ મહલના પ્રેમમાં કંડારેલ પ્રેમકાવ્ય કહે છે. આ અદ્વિતીય ઇમારત સંસારમાં દામ્પત્યપ્રેમ અને અનુરાગનું એક મહાન સ્મારક છે. આ ઉપરાંત તેણે અમદાવાદ, આગ્રા, અજમેર, કાશ્મીર, કાબુલ, કંદહાર, લાહોર વગેરે શહેરોમાં અનેક ઇમારતો બંધાવી.

શાહજહાઁના સમયમાં (ઈ.સ. 1579) પોર્ટુગીઝો દ્વારા બંગાળના ચટગાઁવ પર અધિકાર કરવામાં આવ્યો. તેમજ શીખોના છઠ્ઠા ગુરુ હરગોવિંદસિંહનો મુઘલો સાથે સંઘર્ષ થયો, જેમાં ગુરુ હરગોવિંદસિંહની હાર થઈ. તેના સમયમાં ઉપનિષદોનો ફારસીમાં અનુવાદ કરવામાં આવ્યો. શાહજહાઁના પુત્ર ઔરંગઝેબે તેને જેલમાં પૂરી નજરકેદ રાખ્યો, જ્યાં તેનું (ઈ.સ. 1666) મૃત્યુ થયું.

## ઔરંગઝેબ (ઈ.સ. 1657-1707)

ઔરંગઝેબનો જન્મ (24 ઑક્ટોબર, 1618) ગુજરાતમાં દાહોદ ખાતે થયો. પિતા શાહજહાઁ અને માતા મુમતાઝનું તે છઠ્ઠું સંતાન હતો. તેનું પૂરું નામ મોહિયુદ્દીન મહંમદ ઔરંગઝેબ હતું. તેણે ઉત્તરાધિકારી માટે પોતાનો હકદાવો રજૂ કરીને પોતાના ત્રણ ભાઈઓને આગ્રામાં કેદ કરી અને તેના પિતા શાહજહાઁને પણ કેદ કરી, (ઈ.સ. 1658) આગ્રાનો કબજો લીધો. તેનો અરબી, ફારસી અને હિન્દુસ્તાની ભાષા ઉપર ઘણો સારો કાબૂ હતો. કુરાને શરીફનો તે ઊંડો અભ્યાસી હતો. સાદાઈ અને સ્વાવલંબન તેનાં મુખ્ય ગુણો હતા. તે મહાન સામ્રાજ્યનો સ્વામી હોવા છતાં પોતાનો અંગત ખર્ચ ટોપીઓ બનાવીને તેમજ કુરાનની નકલો કરીને કાઢતો. તેનું સમગ્ર જીવન ખૂબ જ સાદું હતું. શરાબને તો સમગ્ર જીવનમાં અડ્યો પણ ન હતો, પરંતુ તે સત્તાલોભી અને ધર્માંધ હતો. સત્તાપ્રાપ્તિ માટે જ તે પિતાને કેદ કરી બાદશાહનું સ્થાન પામ્યો હતો.



ઔરંગઝેબ

## ઔરંગઝેબના વિજયો

ઔરંગઝેબે સામ્રાજ્યનો વિકાસ કરવા માટે વિજયોની હારમાળા સર્જી. જેમાં પ્રથમ તેણે આસામનો વિજય પ્રાપ્ત કર્યો. ઔરંગઝેબનો બીજો મહત્ત્વનો વિજય એ ગોલકોંડા હતો. દક્ષિણમાં મરાઠાશક્તિ સામે પણ તેણે વારે વારે લડવું પડ્યું હતું. તેના પ્રબળ દુશ્મન શિવાજી સામે મુઘલ સૈન્યએ ઘણીવાર લડાઈ કરવી પડી. તે બળવાઓને દાબી દઈને પોતાનો અંકુશ સ્થાપિત કર્યો.

## ઔરંગઝેબના સમયમાં શીખો, સતનામી પ્રજાનો પ્રતિકાર

ઔરંગઝેબની સામ્રાજ્યની નીતિ સામે પ્રથમ પ્રતિકાર એ મથુરા જિલ્લાના ખેડૂતોએ કર્યો. ત્યાંની જાટ પ્રજાનો આ બળવો દબાવી દીધો. નરમાળ અને મેવાત પ્રદેશના સતનામીઓએ બંડ પોકારતાં ઔરંગઝેબે તેમને હરાવી ક્રૂર કતલ ચલાવી. ઔરંગઝેબના સમયમાં તેની નીતિનો ભોગ શીખોના નવમા ધર્મગુરુ તેગબહાદુર પણ બન્યા. ઔરંગઝેબે તેમનો વધ કર્યો. દસમા શીખ ધર્મગુરુ ગોવિંદસિંહે આ સંદર્ભે જ મુઘલો સામે રીતસરનો વિદ્રોહ કર્યો.

છત્રપતિ શિવાજીના નેતૃત્વ હેઠળ મરાઠાઓએ દખ્ખણમાં છાપામાર યુદ્ધ પદ્ધતિ અપનાવી. તેમણે મુઘલોને આંખે અંધારા લાવી દીધાં. તેમના ઓચિંતા હુમલાઓથી શાઈસ્તખાઁ અને અફઝલખાઁન ત્રાસી ગયા હતા.

## ઔરંગઝેબની રાજપૂતનીતિ

એક સમયના મુઘલ સામ્રાજ્યના સાચા મિત્રો રાજપૂતો હતા, પરંતુ ઔરંગઝેબના સમયમાં ઔરંગઝેબે કેટલીક બાબતોમાં રાજપૂતોની મુશ્કેલીઓ વધારતા રાજપૂતો ઔરંગઝેબના મિત્ર મટીને દુશ્મન બન્યા. જોધપુરના રાજા જસવંતસિંહનું મૃત્યુ થતાં તેના પુત્ર અજીતસિંહને ઔરંગઝેબ મુસલમાન બનાવવા ઇચ્છતો હતો. આવો વહેમ વીર દુર્ગાદાસને આવતાં રાજપૂત-એકતા માટેનો ઝંડો ફરકાવ્યો. તેમણે મુઘલોનો ભારે વિરોધ કર્યો. દુર્ગાદાસનો વિરોધ કચડી નાંખવા ઔરંગઝેબે જોધપુર ખાલસા કર્યું. આથી રાજપૂતોએ અરવલ્લીના ડુંગરોમાં વિખરાઈને ત્યાંથી ઔરંગઝેબની સામે લડત ચાલુ રાખી. મેવાડના રાજપૂતોએ ઔરંગઝેબની લશ્કરી છાવણીઓ પર ઓચિંતા હુમલાઓની પરંપરા સર્જી. ઔરંગઝેબનું લશ્કર છિન્ન-

ભિન્ન થવા લાગ્યું. તેથી ના છૂટકે તેને રાજપૂતો સાથે સંધી કરવી પડી. અંતે વીર દુર્ગાદાસે અજીતસિંહને જોધપુરની ગાદીએ બેસાડ્યો.

## ઔરંગઝેબની ધાર્મિકનીતિ

ઔરંગઝેબની ધાર્મિકનીતિ વિશે ડૉ. મજુમદાર લખે છે કે, ''સમગ્ર રીતે જોતાં ઔરંગઝેબ એક પવિત્ર અને મહત્ત્વાકાંક્ષી છતાં ચુસ્ત સુન્ની મુસ્લિમ હતો. તેની ધાર્મિકનીતિમાં કોઈપણ સ્વાર્થના ફાયદાની તેણે અપેક્ષા રાખી ન હતી. અકબરે અપનાવેલી સહિષ્ણુ ધાર્મિકનીતિમાં ફેરફાર કરી અસહિષ્ણુ નીતિની શરૂઆત કરી. તેણે કેટલાક ધાર્મિક કાનૂનો પસાર કરાવ્યા, જેમાં દારૂ, જુગાર વગેરે બંધ કરાવ્યા. સંગીત, ચિત્રકલા અને નૃત્ય બંધ કરવાનું ફરમાન કરાવ્યું. વેશ્યાઓ, જ્યોતિષિઓ પર પ્રતિબંધ મૂક્યો. હિંદુઓ પરનો જજિયાવેરો પુનઃ શરૂ કર્યો. આથી જ જાટ લોકો, બુંદેલખંડનાં બુંદેલાઓ, સતનામીઓ, મરાઠાઓ અને કેટલાક શિયા પંથીઓએ ઔરંગઝેબની આ ધાર્મિકનીતિનો પ્રતિકાર કર્યો હતો. અંતે મુઘલ સામ્રાજ્યનો અંત થયો.

## ઔરંગઝેબનો અંત

મરાઠાઓને મહાત કરવાનો વિચાર માંડીવાળી તે દિલ્હી જવા નીકળ્યો. રસ્તામાં અહમદનગર પહોંચ્યો અને ત્યાં જ (ઈ.સ. 1707) તેનું અવસાન થયું. તેની કબર ઔરંગાબાદ પાસે ખુલ્દાબાદ મુકામે આવેલી છે.

## મુઘલ સામ્રાજ્યનું પતન

મુઘલ સામ્રાજ્યનું પતન ઔરંગઝેબની નીતિને આભારી હતું. કારણ કે, તેને કોઈના પર વિશ્વાસ ન હતો. એટલે જ તો રાજ્યનાં બધાં જ અગત્યનાં કાર્યો તે જાતે જ કરતો. તેના વહેમીલા અને અવિશ્વાસુ સ્વભાવને કારણે જીવનના અંત ભાગમાં તે એકલો-અટુલો પડી ગયેલો, જીવનનાં અતિકીમતી 25 વર્ષ તેણે દક્ષિણમાં પસાર કરતાં ઉત્તરમાં રાજકીય અવ્યવસ્થા સર્જાઈ. જમીનદારોની દાદાગીરી વધી ગઈ, વ્યાપાર-વાણિજ્ય પર અંકુશ ઘટી ગયો. રાજ્યની તીજોરી લડાઈઓના ખર્ચા પાછળ સાફ થઈ ગઈ. આથી મુઘલ લશ્કર અને કેટલીક જાતિઓમાં અસંતોષ ફેલાયો. ઔરંગઝેબના મૃત્યુ બાદ ગાદી મેળવવા માટે તેના ત્રણ પુત્રો વચ્ચે લડાઈ થઈ. જેમાં બે પુત્રો મરાયા અને શાહજાદો મુઆઝમ બહાદુરશાહ (ઈ.સ. 1707-1712) નામ ધારણ કરી ગાદીએ બેઠો. તેના મૃત્યુ બાદ જહાઁદરશાહ, તેના પછી ફર્રુખશિખર ગાદીએ આવ્યો. આથી શરૂઆતનાં દસ વર્ષમાં ચાર જેટલા શાસકો બદલાયા. તેથી જ મુઘલ સૂબેદારો, રાજપૂતો અને મરાઠાઓની સત્તા પ્રબળ બની. ઈરાનનો નાદીરશાહ દિલ્હી પર લૂંટ ચલાવીને ચાલ્યો ગયો. ભારતનો પ્રખ્યાત 'કોહિનૂર' હીરો અને અઢળક ધનસંપત્તિ ઈરાન લઈ ગયો. બાકી હતું તો અહમદશાહ અબ્દાલ્લીએ ભારતમાં લૂંટ ચલાવી. અંતે (ઈ.સ. 1857) અંગ્રેજો સામેની પ્રતિકારની લડાઈમાં બહાદુરશાહ ઝફર હારી ગયો. તેને કેદ કર્યો અને રંગૂન મોકલી આપ્યો. જ્યાં તેનું મૃત્યુ થયું. આમ, મુઘલ સત્તાનો કાયમી ધોરણે (ઈ.સ. 1857) અંત આવ્યો.

### મુઘલ શાસકો તથા શેરશાહ સૂરીની સમયાવલી

| ક્રમ | શાસકનું નામ | શાસન-વર્ષ | રાજધાની | સિદ્ધિઓ |
|---|---|---|---|---|
| 1. | બાબર | ઈ.સ. 1526-1530 | દિલ્હી / આગ્રા | ભારતમાં મુઘલ સત્તાની સ્થાપના |
| 2. | હુમાયુ | ઈ.સ. 1530-1540 | દિલ્હી | મહાન અકબરના પિતા |
| 3. | શેરશાહ (અફઘાન) | ઈ.સ. 1540-1545 | દિલ્હી | અફઘાન સત્તાની પુનઃસ્થાપના |
| 4. | અકબર | ઈ.સ. 1556-1605 | આગ્રા / ફતેહપુરસિક્રી | મોટાભાગના ભારત પર વિજય પ્રાપ્ત કરી. ભારતીય એકતા સ્થાપનાર |
| 5. | જહાંગીર | ઈ.સ. 1605-1627 | આગ્રા | પોતાની સત્તા ટકાવી રાખી |
| 6. | શાહજહાઁ | ઈ.સ. 1627-1657 | આગ્રા / દિલ્હી | સ્થાપત્યનો શોખીન, શાહજહાઁનાબાદનગરનો સ્થાપક |
| 7. | ઔરંગઝેબ | ઈ.સ. 1657-1707 | દિલ્હી / આગ્રા | દક્ષિણનીતિમાં નિષ્ફળતા |

## મુઘલ રાજ્યસત્તા સામેના કેટલાક પ્રતિકારો

### રાજપૂતોનો પ્રતિકાર :

અકબરે સહિષ્ણુ નીતિ અપનાવીને રાજપૂતો અને હિન્દુ પ્રજાનું દિલ જીતી રાજપૂતોની સેવાઓ લઈ, મુઘલ સત્તાનો વિકાસ કર્યો હતો. તેથી મુઘલ સત્તાના પાયા મજબૂત બન્યા હતા. પરંતુ શાહજહાંએ અસહિષ્ણુતાની ધાર્મિકનીતિની પુનઃ શરૂઆત કરી. ઔરંગઝેબે તેને સંપૂર્ણ બનાવી અને ફરી અપનાવી. આ અસહિષ્ણુ નીતિને લીધે જાટ, બુંદેલાઓ, સતનામીઓ, શીખો, રાજપૂતો અને મરાઠાઓએ મુઘલશાસનની સામે ખાસ કરીને ઔરંગબેઝના સમયમાં મોટા પાયા પર પ્રતિકાર કર્યો. રાજપૂતોના અને મુઘલોના સંબંધો સારા હતા. તેથી જ તો રાજા જયસિંહે શિવાજીને નમાવીને મરાઠાઓને અંકુશમાં રાખ્યા. પરંતુ જયસિંહનું મૃત્યુ થતાં મુઘલોએ રાજપૂતોને માન આપવાનું ઓછું કર્યું. ઉપરાંત ફરીથી જજિયાવેરો નાંખ્યો. મારવાડના શાસક જસવંતસિહનું મૃત્યુ થવાથી ઔરંગઝેબે મારવાડમાં પોતાના અમલદારની નિમણૂક કરી. મારવાડ અને જોધપુરના રાજપૂતોએ મુઘલ સૈન્યનો પ્રતિકાર કર્યો. મારવાડના રાજપૂતોને આ પ્રતિકારમાં સફળતા પ્રાપ્ત થઈ અને તેમનું રાજ્ય તેમને પાછું સોંપ્યું.

મેવાડના સિસોદિયા રાજપૂતોએ અકબરના સમયથી જ મુઘલ સૈન્ય અને મુઘલ સત્તાનો વિરોધ કર્યો. મેવાડના રાજપૂતોએ અકબરની પણ શરણાગતિ સ્વીકારી ન હતી. સૌથી પહેલાં મેવાડના સરદારો જયમલ અને પટ્ટા નામના રાજપૂતોએ અકબરના સૈન્યનો સામનો કર્યો. ઉદયસિંહના મૃત્યુ બાદ ગોગુંડાના રાણા પ્રતાપસિંહે અકબરનો તેના જીવનના અંત સુધી પ્રતિકાર કર્યો. હલ્દીઘાટીમાં ભયંકર યુદ્ધ થયું. ડૉ. મજુમદાર લખે છે કે, ''રાજપૂતોમાં મહારાણા પ્રતાપસિંહથી પણ વધુ મહાન સેનાપતિઓ અને રાજપુરુષ થયા છે, પરંતુ પ્રતાપસિંહ જેવો શૂરવીર અને દેશાભિમાની નેતા તો બીજો નહિ જ હોય''. આમ, મેવાડે અંત સુધી પોતાનું સ્વદેશાભિમાન જાળવી રાખ્યું.

### શીખો અને જાટ પ્રજાનો પ્રતિકાર :

મુઘલ શાસનકાળ દરમિયાન કેટલાક બાદશાહોની અમાનવીય નીતિના કારણે કેટલાક સમુદાયોએ આ મુઘલ સત્તા સામે પોતાનો વિરોધ નોંધાવી તેની આવી નીતિઓનો પ્રતિકાર કરી તેનો ઉગ્ર સ્વરૂપે વિરોધ કર્યો. જેમાં સર્વ પ્રથમ મથુરા આસપાસની જાટ પ્રજાએ તેમની સામે બંડ કર્યું. અબ્દુલનબી નામના ફોઝદારે પ્રજા પર અમાનુષી જુલ્મો કર્યાં. તેની સામે જાટ લોકોએ ટીલપટનાં ગોકલના નામની જમીનદારની નેતાગીરી હેઠળ (ઈ.સ. 1669) બંડ કર્યું. તેમણે સદાબાદ પરગણાંને લૂંટીને મથુરાના ફોજદારને મારી નાંખ્યો. પરંતુ મુઘલ સરદાર હસન શીખ અલીખાને ગોકુલને હરાવી મારી નાંખ્યો. છતાં પણ જાટ લોકોએ યુદ્ધ કરવાનું ચાલુ રાખ્યું. રાજારામ નામના બીજા જાટ નેતાએ (ઈ.સ. 1685) ફરી બળવો કર્યો, છેવટે તેને પણ મારી નાખવામાં આવ્યો. ત્યારબાદ તેના ભત્રીજાએ જાટ લોકોનું પ્રતિનિધિત્વ સંભાળ્યું. આમ, મુઘલ રાજ્યના અંત સુધી જાટ લોકોએ આ રાજ્યની સામે પોતાનો પ્રતિકાર કર્યો.

શીખ પ્રજા શરૂઆતમાં શાંતિપ્રિય પ્રજા હતી. પરંતુ જહાઁગીરના સમયમાં તેમના પાંચમા ગુરુ અર્જુનદેવનો ખુશરૂને મદદ કરવા બદલ તેમનો વધ કરવામાં આવ્યો. આથી શીખોએ મુઘલોનો પ્રતિકાર કરવાનું શરૂ કર્યું. ગુરુ હરગોવિંદે તેમને લડાયક પ્રજામાં ફેરવવાની પ્રક્રિયાની શરૂઆત કરી. ધાર્મિક કારણોને લીધે ઔરંગઝેબે તેમના ગુરુ તેગબહાદૂરનો અને તેના શિષ્યોનો પણ વધ કરતાં સમગ્ર શીખપ્રજા ખળભળી ઊઠી અને મુઘલશાસકોની શત્રુ બની બેઠી. આને લીધે જ ગુરુ ગોવિંદસિંહે શીખપ્રજાને શસ્ત્રો ધારણ કરાવ્યાં. ગોવિંદસિંહ સામે લશ્કર મોકલવામાં આવ્યું. મુક્તેશ્વર આગળ ગુરુનો વિજય થયો. શીખોએ આમ મુઘલ સત્તાનો અંત સુધી વિરોધ કર્યો હતો.

### મરાઠાઓનો પ્રતિકાર :

દખ્ખણમાં ઔરંગઝેબના સમયમાં તે વિસ્તારના સુલતાનોની નિર્બળતા અને મુઘલ સામ્રાજ્યવાદીઓનાં લાંબાં યુદ્ધોને પરિણામે મરાઠા-સત્તાએ તેને પ્રતિકાર કર્યો. ભૌગોલિક દૃષ્ટિએ મરાઠી રાજ્ય નર્મદા નદી, વિંધ્યાચળ અને સાતપૂડા પર્વતો તેને માટે વિવિધ સંરક્ષણની રેખા દોરતા તે ઉપરાંત પશ્ચિમઘાટ અથવા સહ્યાદ્રી પર્વતની હારમાળાઓ તેના સમગ્ર પશ્ચિમ કિનારાનું રક્ષણ કરતી. આથી મહારાષ્ટ્ર પ્રદેશના લોકોને વિશિષ્ટ બળ મળ્યું. ડુંગરાળ પ્રદેશ અને પર્વતીય કિલ્લાઓને લીધે મરાઠાઓનું સુંદર રક્ષણ થતું. ખુલ્લા મેદાનમાં લડવા ટેવાયેલા વિશાળ લશ્કરને મુઠ્ઠીભર મરાઠાઓ ગેરીલાયુદ્ધથી મુઘલોના લશ્કરને પરાજય આપતા. તેથી ''તેમની સાથે યુદ્ધ કરવું તે હવા સાથે યુદ્ધ કરવા બરાબર છે'' એમ મનાતું.

આવી પરિસ્થિતિ અને આવા ચારિત્ર્ય-ઘડતરમાં ધાર્મિક જુસ્સાનો ઉમેરો કરાવનાર રામાનંદ, કબીર અને નાનક જેવા સંતોની અસર ત્યાં પહોંચી. સંત તુકારામ, સામર્થગુરુ, રામદાસ, વામન પંડિત અને એકનાથ એમાં ખાસ નોંધપાત્ર છે. તેમાંથી મહારાષ્ટ્રમાં ધાર્મિક રાષ્ટ્રવાદનાં બીજ રોપાયાં. આ પ્રજાનું નેતૃત્વ લેતાં શિવાજીએ પોતાના નાના રાજ્યને મોટા રાજ્યમાં ફેરવવા માટે પ્રથમ તો તેણે બીજાપુર અને અહમદનગરના સુલતાનોને નમાવ્યા. તે પછી અફઝલખાનનો તથા શાઈસ્તાખાનનો વધ કરીને તેમણે મુઘલો સામે પોતાનો પ્રતિકાર શરૂ કર્યો. થાકીને ઔરંગઝેબે શિવાજીને રાજાનો ઇલકાબ તેમજ જાગીર આપી. તેમ છતાં શિવાજીએ (ઈ.સ. 1672 થી 1678 સુધી) ઘણીવાર મુઘલોને હંફાવ્યા. આમ, દક્ષિણમાં મરાઠા સામ્રાજ્ય મુઘલ સામ્રાજ્યના પ્રતિકાર થકી ઊભું થયું હતું.

### બુંદેલાઓનો પ્રતિકાર :

ઔરંગઝેબની અસહિષ્ણુ નીતિની સામે છત્રસાલ નામના બુંદેલા રાજકુમારના નેતૃત્વ હેઠળ બુંદેલ ખંડમાં બળવો થયો. બુંદેલાઓ અને મુઘલ સત્તા વચ્ચે સંઘર્ષ ચાલ્યા કરતો હતો. તેથી બુંદેલ રાજકુમારે શિવાજીની સિદ્ધિઓમાંથી પ્રેરણા લઈ પોતે સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની શરૂઆત કરી. બુંદેલખંડ અને માળવાની હિંદુ પ્રજાના અસંતોષનો લાભ લઈ તેણે બુંદલખંડની આગેવાની લઈ બળવો કરીને પૂર્વ માળવામાં પોતાનું એક નાનકડું રાજ્ય સ્થાપ્યું.

### સતનામીઓનો પ્રતિકાર :

ઔરંગઝેબની નીતિઓની સામે ત્રીજો બળવો સતનામીઓનો થયો. સતનામી લોકો શાંતિમય ધાર્મિક જીવન ગાળતા. તેમના પર ત્રાસ ગુજારવામાં આવતા, તે સહન કરી શકતા નહિ અને તેઓ હથિયારો પોતાની પાસે રાખતાં. એક સતનામી અને એક મુઘલ સૈનિકના ઝગડામાંથી સતનામીઓએ બંડ પોકાર્યું. ઔરંગઝેબે આ શાંતિપ્રિય પ્રજા પર પોતાનું દમન ગુજારતાં આ લોકોએ હથિયાર ઉપાડી તેમનો પ્રતિકાર કર્યો.

## મુઘલ યુગમાં ભારતની સામાજિક, આર્થિક અને ધાર્મિક પરિસ્થિતિ

### સામાજિક સ્થિતિ :

મુઘલ શાસન દરમિયાન ભારતીય સમાજ ત્રણ વર્ગોમાં વિભાજિત થયેલ જોવા મળતો હતો. ઉચ્ચ વર્ગમાં સમ્રાટ અને તેનાં કુટુંબીજનો, અમીરો-ઉમરાવો, સરદારો અને અધિકારીઓનો સમાવેશ થાય છે. ઉચ્ચ વર્ગનાં લોકો પ્રજાના પૈસે મોજ-મજા કરતા. કેટલાક સમ્રાટો, સામંતો, ઉમરાવો દાનશીલ અને સાહિત્યકલાના પ્રેમી હતા. તેઓનું જીવન સાદું, સંયમી અને કરકસર ભરેલું હતું. ગામના ચૌધરી, મુકાદમો અને નાના જમીનદારો સન્માનપૂર્વક જીવન જીવતા. નીચલા વર્ગના ખેડૂતો અને પરચૂરણ વ્યાપારીઓ, દૈનિક મજૂરી કરનારાઓ, ગુલામો, સેવકો વગેરેનો સમાવેશ સમાજના નિમ્ન વર્ગમાં થતો.

### ખાન-પાન :

મુઘલ યુગ સમયે લોકો પોતાના ખોરાકમાં ચોખા, ઘઉં, જવ, દૂધ, દહીં, ઘી, તેલ, માખણ, શાકભાજી, અથાણું વગેરે લેતા. ઉચ્ચ વર્ગના લોકો જમ્યા પછી, ઋતુ અનુસાર મળતાં ફળો, સૂકોમેવો વગેરે પણ લેતા. આ સમયે પાન ખાવાનો રિવાજ હતો. બાદશાહોના ભોજનમાં વિવિધ વાનગીઓનો સમાવેશ થતો હતો. મદ્યપાન (શરાબપીવા)ની પણ પ્રથા હતી.

### વસ્ત્રાલંકારો :

આ સમયે લોકો સામાન્ય રીતે સુતરાઉ અને હાથવણાંટનાં સાદાં વસ્ત્રો પહેરતાં. આ સમયે ધોતી અને બંડી મુખ્ય પહેરવેશ હતો. મધ્યમ વર્ગના લોકો ધોતી, અંગરખું અને પાઘડી પહેરતા, જ્યારે ઉમરાવો અને શાહી કુટુંબના સભ્યો રેશમી અને જરી ભરેલાં વસ્ત્રો પહેરતાં. હિંદુ સ્ત્રીઓ સાડી, ચણિયો, કબજો (બ્લાઉઝ) પહેરતી, જ્યારે મુસ્લિમ સ્ત્રીઓ કુર્તો અને પાયજામો તથા દુપટ્ટાનો ઉપયોગ કરતી. ભરતકામવાળાં વસ્ત્રોની તે સમયે ફૅશન હતી. અલંકારોમાં માળા, વાળી અને વીંટી પુરુષો પહેરતા, જ્યારે સ્ત્રીઓ ચોકી, ટીકો, દામણી, નથ, કર્ણફૂલ, વાળી, કુંડળ, માળા, કંઠહાર, બાજુબંધ, કડાં, કંકણ, પોંચી, વીંટી, કંદોરો, પાયલ, વીછિયું, અંગૂઠી વગેરે અલંકારો પહેરતી. 'આઈ-ને-અકબરી'માં જણાવ્યા પ્રમાણે કુલ 37 પ્રકારના અલંકારોનો ઉપયોગ થતો હોવાનો તેમાં ઉલ્લેખ છે. આ બધાં જ ઘરેણાં સોના, ચાંદી અને રત્નોનાં બનતાં.

### મનોરંજનનાં સાધનો :

મુઘલ યુગના લોકોના મનોરંજનનાં સાધનોમાં શતરંજ, ચોપાટ, પત્તા, જાદુના ખેલ, કુસ્તી પોલો, બાજીગર, ઘોડાદોડ, પશુ-પંખીની હરીફાઈ, બળદ-ગાડા હરીફાઈ વગેરે રમતોનો સમાવેશ થતો. પતંગ ચગાવવાનો શોખ ત્યારે પણ જોવા મળતો. શાસકો પણ વિવિધ રમતો અને શિકારના શોખીન હતા. તેમનામાં જુગાર તથા વ્યભિચારનું દુર્વ્યસન વધારે હતું. શાસકોને બગીચા બનાવવાનો અને તેમાં હરવા-ફરવાનો શોખ હતો.

### સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :

આ સમયે સ્ત્રીઓની સ્થિતિ સારી હતી. તેઓ સન્માનને પાત્ર હતી. બંગાળ પ્રાંતમાં સ્ત્રીઓની સ્થિતિ થોડી ખરાબ હતી. સમાજમાં સતીપ્રથા, પડદાપ્રથા, ગુલામી, દાસી, દહેજ જેવા કુરિવાજોનો ભોગ આ સ્ત્રીઓ બનતી. દીકરીના જન્મસમયે કુટુંબમાં દુઃખની લાગણી ફેલાતી. ઘણાં બધાં દૂષણો હોવા છતાં આ સમયમાં કેટલીક વિદૂષી સ્ત્રીઓનાં નામનો ઉલ્લેખ કરી શકાય, જેમાં ગુલબદન બેગમ, નૂરજહાઁ, ચાઁદબીબી, મુમતાઝ, જહાઁઆરા, રોશનઆરા મુખ્ય હતી. સામાન્ય વર્ગની સ્ત્રીઓની સ્થિતિ, સ્થાન અને દરજ્જો ઊતરતી કક્ષાનો હતો. તેઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું. આમ છતાં તેઓ સામાજિક, ધાર્મિક મેળાઓમાં તથા તીર્થયાત્રાઓમાં ભાગ લઈ શકતી.

### આર્થિક સ્થિતિ :

આ સમય દરમિયાન ફારસી ભાષામાં લખાયેલ પુસ્તકો અને પરદેશી મુસાફરોનાં લખાણો પરથી તત્કાલીન હિંદની આર્થિક સ્થિતિની જાણકારી મળે છે. ગુલબદન બેગમે લખેલ 'હુમાયુનામા' માં આર્થિક સ્થિતિનું સારું એવું વર્ણન છે. અબુલ ફઝલ કૃત 'આઈને અકબરી' જેવાં સમકાલીન લખાણોમાંથી પણ તે સમયની આર્થિક સ્થિતિની વિસ્તૃત જાણકારી મળે છે.

### ખેતી અને પશુપાલન :

મુઘલ સમયમાં ઘઉં, કઠોળ, શાકભાજી, ફળફળાદી વગેરેની ખેતી થતી હતી. અકબરના સમયમાં ટોડરમલે જમીનની ઉપજ અને ફળદ્રુપતાને આધારે મહેસૂલ નક્કી કરી હતી. તે જહાંગીર અને શાહજહાંના સમય સુધી ચાલુ રહ્યું. સિંચાઈ માટે ખાસ ધ્યાન અપાતું. ખેતી સાથે પશુપાલનનો પણ વ્યવસાય વિકસ્યો હતો. કપાસ, તમાકુ, શેરડી જેવા રોકડિયા પાકો પણ લેવાતા.

### ઉદ્યોગ, ધંધા અને વ્યાપાર-વાણિજ્ય

આ સમયે ઉદ્યોગોમાં સુતરાઉ કાપડ, રેશમી કાપડ વગેરે વણાટકામના ઉદ્યોગો વધુ વિકસ્યા. ગુજરાતમાં પાટણ, નડિયાદ, અમદાવાદ, બુરહાનપુર (ખાનદેશ), જૌનપુર (ઉત્તરપ્રદેશ), બનારસ, બંગાળ, બિહાર વગેરે સ્થળો પર સુતરાઉ કાપડનો ઉદ્યોગ ખૂબ જ વિકસ્યો. આ સમયે ''પાટણના પટોળા'' ખૂબ જ પ્રખ્યાત હતાં. બંગાળમાં ઉત્તમ પ્રકારનું રેશમ થતું. ઉપરાંત લાહોર, આગ્રા, ગુજરાતનાં કેટલાંક સ્થળોએ પણ રેશમી કાપડ વણવામાં આવતું. રંગાટીકામના ઉદ્યોગો મોટા પ્રમાણમાં વિકસ્યા. સાથે-સાથે છાપકામની કલાઓ, શાલ અને સાદડીવણાટ અને વ્યવસાય, લાકડા તથા હાથીદાંતની વસ્તુઓ બનાવવાનો વ્યવસાય, સોના, ચાંદી, જર-ઝવેરાત, ધાતુ ગાળવાનો વ્યવસાય ખૂબ જ વિકસ્યા. ભારતીય કલા-કારીગરીના નમૂના દેશવિદેશમાં પ્રખ્યાત હતા. રાજ્ય તરફથી ઉત્પાદનને ખૂબ જ પ્રોત્સાહન અપાતું. આ બધા જ ઉદ્યોગો ખાનગી સાહસો દ્વારા ચાલતા. તેને પરિણામે નાના કારીગરો તથા વણકરોનું ખૂબ જ શોષણ થતું. તેમની સ્થિતિ દયાજનક હતી. અમલદારો તેમને સસ્તા ભાવે માલ વેચવાની ફરજ પાડતા. બીજી બાજું ધનિકો અને જમીનદારો તેમને સસ્તા ભાવે માલ વેચવાની ફરજ પાડતા. બીજી બાજું ધનિકો અને જમીનદારો તેમને તથા ખેડૂતોને નાણાંનું ધીરાણ કરતા અને વ્યાજ વસૂલ કરતા. તેમનું ભારે શોષણ થતું. ઔરંગઝેબના મૃત્યુ પછી સર્જાયેલ અરાજકતાને પરિણામે ઉદ્યોગધંધા પડી ભાંગ્યા. નાદીરશાહ અને અહમદશાહે કરેલ લૂંટ પછી દિલ્હી જેવાં નગરોની સ્થિતિ અત્યંત ખરાબ થઈ.

મુઘલ સમય દરમિયાન જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ ખૂબ જ નીચા હતા. પરિણામે લોકો ભરપેટ ભોજન કરી શકતા. શાકભાજી, મસાલા, માંસ, દૂધ સસ્તાં મળતાં. ભારતનો વ્યાપાર યુરોપના અને પશ્ચિમ એશિયાના દેશો સાથે જોડાયેલો હતો. ભારત સુતરાઉ અને રેશમી કાપડ, પીપર, ગળી, મરી-મસાલા (તેજાના), અફીણ, ખાંડ, રેશમ, ધાતુઓ, મીઠું, લાખ, તેમજ વિવિધ ઔષધની નિકાસ જ કરતું હતું. જ્યારે શરાબ, અરબી ઘોડા, હાથીદાંત, અત્તરો, ગુલામો આયાત કરતું. વહાણો

અને હાંથીદાંતમાંથી બનાવેલ વસ્તુઓની નિકાસ કરવામાં આવતી. ઢાકાની મલમલની તો ઇંગ્લૅન્ડ, ફ્રાંસ, પોર્ટુગલ વગેરે દેશોમાં ભારે માંગ રહેતી. કાશ્મીર અને લાહોરમાંથી શાલ અને સાદડીની નિકાસ થતી. ગુજરાતનાં સુરત, ભરૂચ અને ખંભાતનાં બંદરો આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં હતાં. કાલિકટ, ગોવા, મદ્રાસ, કોલકાતા, કોચીન વગેરે ભારતનાં અન્ય સમૃદ્ધ બંદરો હતાં. સુરત વ્યાપારનું ધમધમતું કેન્દ્ર હતું. આગ્રા અને ફતેહપુર સિક્રી, લંડન કરતાં પણ મોટાં અને વધુ વસ્તીવાળાં શહેરો હતાં. અમદાવાદ પણ વ્યાપાર-ઉદ્યોગની દૃષ્ટિએ તત્કાલીન હિંદનું એક અત્યંત મહત્ત્વનું નગર હતું.

એ સમયે ભારતમાં વ્યાપાર-ઉદ્યોગના વિકાસ માટે અગત્યનાં શહેરો સાથે જોડાયેલા ધોરીમાર્ગો પણ બાંધવામાં આવ્યા. આગ્રાથી ગ્વાલિયર, અમદાવાદથી સુરત અને પેશાવરથી બંગાળ સુધીનો રાજમાર્ગ હતો. રસ્તાઓની બંને બાજુ વૃક્ષો ઉછેરીને તેની હારમાળા કરવામાં આવતી. મુખ્ય વ્યાપારીમથકોની નજીકમાં ધર્મશાળાઓ પણ બાંધવામાં આવતી. આમ, આર્થિક દૃષ્ટિએ આ યુગમાં ભારતની સ્થિતિ ઉચ્ચ કક્ષાની ગણાવી શકાય. યુરોપિયન પ્રવાસી ટ્રેવેનયિરે આ સમયની આર્થિક સ્થિતિની ભારે પ્રસંશા કરી છે.

**ધાર્મિક સ્થિતિ :**

મુઘલયુગ દરમિયાન ઔરંગઝેબને બાદ કરતા બધા જ શાસકોની ધાર્મિકનીતિ સહિષ્ણુ હતી. ભારતમાં મુઘલ શાસનની શરૂઆતમાં બાબર અને હુમાયુએ બંનેનો સમય એ યુદ્ધોમાં જ પસાર થયો હતો. તેથી તેઓ સત્તા સ્થિર કરવામાં જ રહ્યા હોય ધાર્મિકક્ષેત્રે કોઈ ખાસ કાર્ય કરી શક્યા ન હતા. છતાં પણ તેઓની ધાર્મિકનીતિ સહિષ્ણુ હતી. ધાર્મિકનીતિ અને ઉદાર ઇસ્લામી શાસનનો પાયો એ સૂરવંશી શેરશાહે નાંખ્યો, જેનો મુઘલ બાદશાહ અકબરે પૂર્ણપણે વિકાસ કર્યો. તેણે સર્વધર્મ સમભાવને પ્રોત્સાહન આપ્યું. તેણે પોતાના સમયમાં લેવાતો જજિયાવેરો નાબૂદ કરાવ્યો. ઉપરાંત સિક્રીનાં ઈબાદખાનામાં બધા જ ધર્મના આગેવાન પંડિતોને બોલાવી ચર્ચા કરી બધા ધર્મોનો અભ્યાસ કર્યો. પોતાના સમયમાં એક રાજા અને એક ધર્મની વાત કરી, બધા ધર્મોનાં સારાં તત્ત્વો લઈને અકબરે 'દીનેઇલાહી' ફિરકાની સ્થાપના કરી.

જહાઁગીરના સમયમાં પણ આવી જ ઉદારનીતિ ચાલુ રહી. આગળ જતાં શાહજહાંના સમયમાં અસહિષ્ણુ ધાર્મિકનીતિની શરૂઆત થઈ. અંતે ઔરંગઝેબના સમયમાં તેની પરાકાષ્ટા થઈ. છતાં પણ સામાન્ય પ્રજામાં અને વ્યવહારમાં હિન્દુ અને મુસ્લિમ ધર્મ તથા સંસ્કૃતિમાં સમન્વય નોંધપાત્ર રીતે પ્રગતિ પામ્યો. ધર્મની બાબતમાં સમ્રાટો કરતાં પણ સંતોની અસર વધુ થઈ હોવાનું જણાય છે.

**મુઘલ યુગની શાસનવ્યવસ્થા**

| | |
|---|---|
| કેન્દ્રિય શાસન | (1) વકીલ (2) દીવાન (3) મીરબખ્શી (4) મુહતસીબ (5) ખાન-એ-સામાન (6) સદ્-ઉશ-સદ્ર (7) દારોગા-એ-ડાકચૌકી (8) મીર-એ-આતશ (9) દારોગા |
| પ્રાંતીય શાસન | (1) સુબેદાર (2) દીવાન (3) બખ્શી (4) હોડવાપ (5) સદ્ (6) હાઝી |
| સરકાર (જિલ્લો) | (1) ફોજદાર (2) આમિલ (3) બિતિકચી (4) ફોતેદાર (5) હાઝી |
| પરગણા | (1) શિકદાર (2) કામી (3) આમિલ (4) ફૌતદાર (5) કાનૂનગો (6) પટવારી (7) મુકાદમ |
| ગ્રામીણ | (1) કાનૂનગો (2) ચૌધરી (3) ખુત |

મુઘલયુગનું શાસનતંત્ર આપખુદ રાજાશાહી પ્રમાણે ગોઠવાયેલ હતું. બાદશાહ (સમ્રાટ) રાજ્યનો સર્વોચ્ચ સત્તાધીશ વહીવટીય, લશ્કરી, ધારાકીય, ન્યાયકીય બાબતોનો વડો હતો. તે લશ્કરનો પણ અધિકારી હતો. તેના શબ્દો એ જ કાયદો અને તેનો નિર્ણય એજ હુકમ અને ન્યાય ગણાતા. બાદશાહને મદદ કરવા માટે તેનું પ્રધાનમંડળ જેવું તંત્ર રહેતું. મુઘલ શાસકો અમર્યાદિત અને નિરંકુશ સત્તા ભોગવતા હતા. સામાન્યતઃ 'કુરાને શરીફ' અને હદિસના કાયદાઓને માન આપતા હતા. મુઘલ

બાદશાહોની ન્યાયપ્રિયતા પ્રખ્યાત હતી. તેઓએ પોતાના સામ્રાજ્યનો વહીવટ કરવા માટે વિભાગો પાડ્યા. તેના શાસનતંત્રની આજના ભારતીય શાસનતંત્રમાં પણ અસર જણાય છે. કેન્દ્રનાં ખાતાઓ અને તેના વડાઓનો ઉપરી સમ્રાટ હતો. વઝીર અથવા દીવાન, ખાને સામાન, મીર બક્ષી, સદ્ર-ઉસ-સદુર, કાઝી ઉલ કઝાત, મુહતાસીબ, મીર આતીસ અને દરોગા તોપખાના જેવાં ખાતાં અને અધિકારીઓ કેન્દ્રમાં રહેતા. સામ્રાજ્યમાં 21 જેટલા પ્રાંતો હતા. આ પ્રાંતોના વડાને સૂબેદાર અથવા નાઝીમ તરીકે ઓળખવામાં આવતા. આ નાઝીમ કેન્દ્રની માફક પોતાની સત્તાની નીચે કેટલાક અમલદારો રાખતો હતો. પ્રાંતથી નાનું એકમ સરકાર (જિલ્લા જેવું સ્થાન), તે પછી પરગણા (તાલુકા જેવું સ્થાન) અને અંતે ગ્રામ એ વહીવટનું છેલ્લું એકમ હતું. લશ્કરી શાસનવ્યવસ્થા પણ મહત્ત્વની હતી. જેના પર સમગ્ર રાજ્ય આધારિત રહેતું. અકબરનાં લશ્કરમાં મનસબદારી પ્રથા અપનાવવામાં આવી હતી.

## મુઘલયુગ દરમિયાન સાંસ્કૃતિક વારસો

### શિક્ષણ અને સાહિત્ય :

મુઘલયુગમાં રાજ્ય સંચાલિત શિક્ષણ-સંસ્થાઓ ન હતી, છતાં પણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જેવી વ્યવસ્થા હતી. મસ્જિદો અને ધર્મશાળાઓ સંતો અને વિદ્વાનોને મળતી ભેટ સોગાદોમાંથી આવી શિક્ષણની સંસ્થાઓ ચાલતી. મોટે ભાગે દરેક મસ્જિદમાં મદ્રેસા કે નિશાળ રહેતી હતી. હિન્દુઓ માટેની શિક્ષણવ્યવસ્થા બ્રાહ્મણ શિક્ષકો દ્વારા કરવામાં આવતી. બાબરના મંત્રી અકબર અલી જણાવે છે કે, ''જાહેર બાંધકામની ફરજોમાં એક ફરજ કેળવણીની સંસ્થાઓ સ્થાપવાની પણ હતી.'' હુમાયુએ દિલ્હીમાં મદ્રેસાની સ્થાપના કરી હતી. એણે એક પુસ્તકાલય પણ બંધાવ્યું હતું. અકબરના સમયે શિક્ષણની વ્યવસ્થામાં નોંધપાત્ર પ્રગતિ થઈ. જહાઁગીરે તો એવો કાયદો કર્યો હતો કે, બિનવારસ વ્યક્તિ મૃત્યુ પામે તો તેની બધી જ મિલકત શાળા બાંધવામાં વાપરવી. શાહજહાઁએ તો દિલ્હીમાં દારૂલબકા નામની કૉલેજની સ્થાપના કરી. ફતેહપુરસિક્રી, જૌનપુર, આગ્રા, લાહોર, બનારસ, અંબાલા, થાણેશ્વર અને કાશ્મીર આ સમયનાં સંસ્કાર અને શિક્ષણનાં ધામો હતાં. આ વિદ્યાકેન્દ્રોમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, ગણિત, ઇતિહાસ, પિંગળ (કાવ્યશાસ્ત્ર) વગેરે વિષયો શીખવવામાં આવતા. મોટાભાગે ઉચ્ચ વર્ગના લોકો અને અમલદાર વર્ગના લોકો જ આવું શિક્ષણ મેળવતા. આ સમયે સ્ત્રીઓ માટે પણ અમુક અંશે શિક્ષણની વ્યવસ્થા હતી. જેમાં રાજકુટુંબ અને ઉમરાવકુટુંબની સ્ત્રીઓનો ખાનગી શિક્ષકો દ્વારા અભ્યાસ કરાવવામાં આવતો. ગુલબદન બેગમ, સલિમા સુલતાના, નૂરજહાઁ, મુમતાઝ મહલ, જહાઁઆરા, રોશનઆરા અને જેબુન્નિસા જેવી સ્ત્રીઓએ આ સમયે ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી હોવાના ઉલ્લેખો મળે છે.

શિક્ષણની જેમ જ મુઘલ શાસકો પણ સાહિત્યના શોખીન હતા. સાહિત્યને આ યુગ દરમિયાન નોંધપાત્ર ઉત્તેજન મળ્યું. ફારસી રાજ્યની ભાષા હોઈ તેને ખાસ ઉત્તેજન મળ્યું. ઉપરાંત હિંદી અને ઉર્દૂનો પણ આ વિકાસયુગ ગણાય છે. મુઘલયુગનો સૌથી નોંધપાત્ર ફાળો ઐતિહાસિક સાહિત્યમાં ગણવામાં આવે છે. હિંદુસ્તાનના સાહિત્યનો આ સુવર્ણયુગ ગણાય તેવો હતો. તત્કાલીન હિંદમાં ઇન્ડો-પર્શિયન ભાષામાં લખનાર એક આખી પેઢી તૈયાર થઈ, જેમાં અબુલ ફઝલ, અબ્દુલહમી લાહોરી, મહંમદ વારીસ, ચંદ્રભાણ, મહંમદ સાલીહ વગેરે મુખ્ય છે. કલીમ નામના કવિને શાહજહાઁએ રાજકવિ તરીકે અપનાવ્યો હતો. સુપ્રસિદ્ધ કવિ ગિલાનીએ જહાઁગીરના દરબારને શોભાવ્યો હતો. ગદ્ય સાહિત્યની શાહફતેહ કાંગડા અને ચારચમન નામના વિદ્વાનોએ પ્રગતિ કરી હતી. વૈદિક, ખગોળ, ગણિત વગેરે શાસ્ત્રોનો પણ વિકાસ થયો હતો. આ સમયમાં જ ઉપનિષદો, ભગવદ્‌ગીતા, યોગ વશિષ્ઠ, અથર્વવેદ, રામાયણ, મહાભારત, લીલાવતીનું અંકગણિત વગેરે સંસ્કૃત ભાષાના મૂલ્યવાન ગ્રંથોનો ફારસીમાં અનુવાદ થયો. રાજકુમાર દારાશિકોહ પોતે વિદ્વાન અને ફિલસૂફ હતો. વઝીરખાન નાડી તપાસીને સારવાર કરવામાં કુશળ હતો. ચિંતામણિ અને ગ્વાલિયરના સુંદરદાસ જેવા હિંદી ભાષાના મહાન કવિઓ હતા. 'સિંહાસન બત્રીસી', 'સુંદર શૃંગાર', 'છંદવિચાર', 'કાવ્ય-વિવેચક', 'કવિ કુલકલ્તરુ' અને 'કાવ્યપ્રકાશ' જેવાં પુસ્તકો આ સમયમાં રચાયાં. ચિંતામણિ નામના વિખ્યાત કવિએ વ્રજ ભાષાની સુમધુર શૈલી પ્રયોજી હતી.

અબુલ ફઝલે 'આઇને અકબરી' અને 'અકબરનામા' જેવા ઇતિહાસના ગ્રંથો લખ્યા. તેનો ભાઈ ફૈઝી સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસી હતો. જ્યારે હિંદી ભાષાના સુપ્રસિદ્ધ કવિ સુરદાસ પણ આ સમયમાં થઈ ગયા. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસ આ સમયગાળામાં થઈ ગયા. ગુજરાતી ભાષાનું ગૌરવ વધારતું સાહિત્ય પણ આ સમયે જ રચાયું.

**કલા-સ્થાપત્યના ક્ષેત્રે સિદ્ધિઓ :**


મુઘલયુગ દરમિયાન કલા અને સ્થાપત્યનો મોટા પાયા પર વિકાસ થયો. મુઘલ શાસકો દ્વારા કલા અને સ્થાપત્યના વિકાસને પ્રોત્સાહન મળ્યું. ઇસ્લામમાં શિલ્પને માટે પ્રતિબંધ હોય તેથી તેની પ્રગતિ થઈ ન હતી. છતાં પણ ચિત્રકલા અને સંગીતકલાની સારી એવી પ્રગતિ થઈ. મુઘલ સમ્રાટોએ ચિત્રકલાને 'રાજ્યાશ્રય' આપેલો, તેથી મુઘલ શૈલીની ચિત્રકલા ખૂબ જ વિકસી. બાબર પોતે જ ચિત્રકલાનો ચાહક હતો. હુમાયુ પોતાની સાથે અબ્દુલ સમદ અને સૈયદ અલી જેવા ઈરાની ચિત્રકારોને લાવ્યો. જે અકબરના દરબારમાં રહેતા. અકબરના દરબારી ચિત્રશાળામાં 13 હિંદુ ચિત્રકારો અને 4 વિદેશી ચિત્રકારો હતા. તેમણે ઝફરનામા, કાલિયા દમન અને રામાયણનાં ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. જહાઁગીર અને શાહજહાઁ પણ ચિત્રકલાના શોખીન હતા. મુઘલ સમયમાં ચિત્રકારોએ જે ચિત્રો દોર્યાં તેમાં પ્રાકૃતિક દ્રશ્ય, પશુ-પંખી, ખજૂરીનાં વૃક્ષો, પુષ્પો, સુંદર સ્ત્રીઓ, વિહાર કરવા જતી સુંદર સ્ત્રીઓ વગેરેનાં ચિત્રોનો મુખ્યત્વે સમાવેશ થતો. શાહજાદા દારાશિકોહ અને મુઆઝમ પણ ઉચ્ચ કોટિના ચિત્રકારો હતા. 'રાજસ્થાની' અને 'કાંગડા' જેવી ચિત્રશૈલી આ સમયે ખૂબ વિકસી.

મુઘલ શાસકોના સમયમાં બાબરને મધુર ગીતો ગાવાનો અને ગીતો રચવાનો ભારે શોખ હતો. હુમાયુ દર સોમવારે અને બુધવારે સંગીતના જલસા ગોઠવતો. હુમાયુના સમયમાં બૈજુબાવરા અને અકબરના સમયમાં તાનસેન જેવા પ્રખર સંગીતકારો થઈ ગયા. અકબરના દરબારમાં 36 જેટલા સંગીતકારોને રાજ્યાશ્રય આપવામાં આવ્યો. જહાંગીરના સમયમાં કવ્વાલી, ઠુમરી, ગઝલ વગેરેનો વિકાસ થયો. શાહજહાઁ ધ્રુપદ રાગનો શોખીન હતો. ઔરંગઝેબે સંગીત પર પ્રતિબંધ મૂકેલો, પરંતુ તેના મૃત્યુ પછી સંગીતના સૂરો શરૂ થઈ ગયા હતા.

**સ્થાપત્ય કલા :**

મુઘલ યુગમાં સ્થાપત્યકલાનો વિકાસ સારા પ્રમાણમાં થયો. સ્થાપત્યકલાના ક્ષેત્રે આ સમયે સુવર્ણકાળ સર્જાયો. ઔરંગઝેબના સમયમાં બાંધકામો પ્રમાણમાં ઓછાં થયાં. અકબર અને શાહજહાં બાંધકામના શોખીન હતા. તેમાં શાહજહાઁ તો ભારતને માટે - 'ઓક્ટેવિયસ સિઝર' હતો એમ કહેવાય છે. આ યુગનાં બાંધકામોનું સ્થાપત્ય જોતાં તે યુગની સમૃદ્ધિ અને જાહોજલાલીની નક્કર સાબિતી મળી રહે છે. આજે પણ જુમ્મા મસ્જિદ (દિલ્હી), આગ્રાનો કિલ્લો અને તાજમહાલ, ફતેહપુરસિક્રીનો બુલંદ દરવાજો જોવા ભારત અને વિદેશોમાંથી લાખો લોકો આવે છે. તત્કાલીન ભારતની સ્થાપત્ય સમૃદ્ધિનાં દર્શન કરતાં તેઓ થાકતા નથી. સર જોન માર્શલના મતાનુસાર કલાસ્થાપત્યમાં અકબરના સમય સુધી ઇરાની અસર વધુ હતી. પરંતુ પછી તેનું સંપૂર્ણપણે ભારતીયકરણ થયું હતું. તેમનો બાહ્ય દેખાવ મુસ્લિમ હોય પરંતુ ઈમારતોની અંદરના ભાગમાં હિંદુ શૈલીની અસર વધુ દેખાય છે. ઇસ્લામ મૂર્તિઓના ઘડતરની વિરુદ્ધ હોઈ તેમાં મૂર્તિવિધાનને બદલે કોતરકામ, વેલો, ફૂલબુટ્ટા અને ભૂમિતિની ડિઝાઇનો જોવા મળે છે.


ભારત જીત્યા બાદ આગ્રામાં પોતાની નવી રાજધાની બાંધવા માટે બાબરે પ્રખ્યાત આલ્બેનિયન સ્થપતિ સીનાનના વિદ્યાર્થીઓને બોલાવ્યા. બાબરે પોતાની ઈમારતોમાં ભારતીય કલાકારોને પણ કામે લગાડ્યા. તેના સમયની માત્ર ત્રણ ઈમારતો પાણીપતમાં આવેલ કાબુલી મસ્જિદ, સંભલમાં આવેલ જુમ્મા મસ્જિદ અને આગ્રામાં આવેલ મસ્જિદ સ્થાપત્યના ઉત્તમ નમૂનારૂપ છે. હુમાયુના સમયે દિનપનાહ નામે કિલ્લો, એક રાજમહેલ, અને એક મસ્જિદ ફતેહાબાદમાં બાંધવામાં આવેલ છે.



આગ્રાનો કિલ્લો



દીવાનેઆમ - આગ્રા



લાલ કિલ્લો - દિલ્હી

જે ઈરાની શૈલીની સુંદર ઈમારતો છે. અકબરના સમયે બાંધવામાં આવેલ હુમાયુનો મકબરો, આગ્રાનો કિલ્લો, ફતેહપુરસિક્રીમાં આવેલ જુમ્મા મસ્જિદ, નગીના મસ્જિદ, શેખ સલીમ ચિશ્તિની કબર, બીરબલ, બીબી મરિયમ અને જોધાબાઈનો મહેલ, બુલંદ દરવાજો જે હિંદમાં સૌથી વધુ મોટો દરવાજો છે, તે સ્થાપત્યની દૃષ્ટિએ સંપૂર્ણ ગણાય છે. દીવાનેઆમ અને દીવાનેખાસ, પંચમહલ વગેરે અનેક ઈમારતોનું નિર્માણ અકબરે કરાવ્યું. જહાંગીરને ઈમારતો બાંધવાનો શોખ ન હતો. પરંતુ અકબરનો મકબરો (સિકંદરા) તેણે બંધાવ્યો, જે સંપૂર્ણ રીતે આરસનો બનેલો છે. શાહજહાંના સમયમાં બંધાયેલ ઈમારતોમાં દિલ્હી, આગ્રા, લાહોર, કાબુલ, કંદહાર, કશ્મીર, અમદાવાદ વગેરે શહેરોમાં તેની ઈમારતો આજે પણ હયાત છે. તેણે આગ્રામાં બંધાવેલ બેગમ મુમતાઝ મહલ તરફના પ્રેમના પ્રતીકરૂપ 'તાજમહાલ' વિવેચકમાં ''સંગેમરમરમાં કંડારેલ પ્રેમકાવ્ય'' ના ઉપનામથી પ્રખ્યાત છે.


ઉસ્તાદ ઈશા નામના કલાકારે તાજમહાલ બાંધ્યો. તે ઉપરાંત શાહજહાંએ દિલ્હી પાસે 'શાહજહાંનાબાદ' નામના નગરનો પાયો નાખ્યો. તે આજે લાલ કિલ્લા વિસ્તારના નામે ઓળખાય છે. દિલ્હીમાં જુમ્મા મસ્જિદ અને લાલ કિલ્લામાં દીવાનેઆમ અને દીવાનેખાસ બંધાવ્યા. આગ્રામાં મોતી મસ્જિદ ઉપરાંત તેણે 'મયૂરાસન' (તખ્ત-એ-તાઉસ) નામનું સિંહાસન તૈયાર કરાવ્યું. મુઘલકાળની આ ઈમારતો માટે વિદ્વાનો લખે છે કે, ''પરીની જેમ શોભતી તેની ઈમારતો, મુઘલોની



તાજમહાલ - આગ્રા



બુલંદ દરવાજો



હુમાયુનો મકબરો

જાહોજલાલી દબદબાની પરાકાષ્ટાનું સૂચન કરે છે.'' ઔરંગઝેબે બીબીનો મકબરો બંધાવ્યો. મુઘલ બાદશાહો બાંધકામના ભારે શોખીન હતા, તેની પ્રતીતિ આજે પણ થાય છે. હિંદુ, મુસ્લિમ સ્થાપત્યકલા-શૈલીના સુભગ સમન્વય રૂપ આ મુઘલ સ્થાપત્ય એટલે કલાક્ષેત્રે ભારતીય સંસ્કૃતિને મળેલો એક યાદગાર વારસો.

### વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો વિકાસ :

મુઘલ શાસકોમાંનો હુમાયુ ખગોળ, જ્યોતિષ અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસી હતો. દિલ્હીમાં તેણે વેધશાળાની ઈમારત બાંધવાની શરૂઆત કરી. સાતગ્રહોના ગુણધર્મ પ્રમાણે તેણે સાત દીવાનખાનાં બનાવ્યાં હતાં. દિવસના ગ્રહ પ્રમાણે જ તેમની મુલાકાત લેતો. આ સમયે લોઢું, પિત્તળ, કાંસું, ચાંદી ઢાળીને ધાતુની વસ્તુ બનાવવાનો ઉપયોગ થવા લાગ્યો હતો. રૂ (કૉટન - કપાસ)માંથી સુતરાઉ કાપડ બનાવવાનું અમદાવાદ જેવાં શહેરોમાં શરૂ થયું. કપડાં પર છાપકામ (ભરતકામ) અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કપડાંને રંગવાનું ઉમદા કામ થતું. અકબરના સમયમાં શસ્ત્રોના સંશોધન માટે એક પ્રયોગશાળા સ્થપાઈ હતી. બંદૂકનું ઉત્પાદન અકબરના સમયથી થવા લાગ્યું. માહુન નામની બંદૂક, કાતર, તલવાર અને અન્ય શસ્ત્રોનું ઉત્પાદન પણ ત્યારથી જ થવા લાગ્યું. આમ, મુઘલ સામ્રાજ્ય લશ્કર પર આધારિત હોઈ અને પાશ્ચાત્ય પ્રજાનું પણ ભારતમાં આગમન શરૂ થયેલ હોઈ તત્કાલીન ભારતમાં ઉદ્યોગ-ધંધા, વૈદ્યકીય સારવાર અને શસ્ત્ર-સરંજામનાં ઉત્પાદનક્ષેત્રે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો પ્રારંભ થયો.

### મુઘલયુગનું મહત્ત્વ અને પ્રદાન (વારસો) :

ભારતીય ઈતિહાસમાં મુઘલ યુગના શાસકોએ કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરી. બાબરના આ વારસદારોએ ભારતમાં જ રહીને તથા ભારતની ધનસંપત્તિનો ઉપયોગ કરીને ભારતને સમૃદ્ધ બનાવવાનો પ્રયત્ન કર્યો. બાબર અને બહાદુરશાહ સિવાયના બધા જ બાદશાહોની કબરો ભારતમાં આવેલ છે. અકબર જેવા શાસકે જમીનની માપણી કરાવી,

કેટલીક મોટી નદીઓમાંથી નહેરો કાઢી ખેતીવાડીનાં ઉત્તેજન માટે પગલાં ભર્યાં. ભારતનાં બંદરોનો વિકાસ કરવા માટે પણ તેમણે પગલાં ભર્યાં. ભારતીય શાસનતંત્રની વ્યવસ્થામાં રાજ્યની ધર્મનીતિ અનુસાર ખાતાઓની વહેંચણી કરી. અમલદારોના હોદ્દાઓ, કરવેરાના નિયમો, ગ્રામ્ય અને તાલુકા કક્ષાના હોદ્દેદારોના નામકરણ આજપર્યંત ચાલુ છે. ભાષાસાહિત્ય અને તે દ્વારા ભારતીય સમાજમાં સાહિત્યનો વિકાસ થયો. સૌથી અગત્યનું પ્રદાન ફારસી અને હિંદી જુબાન (હિંદી) બંનેનું મિલન થતાં એક નવી ઉર્દૂ ભાષા-સાહિત્યનો વિકાસ થયો. તાનસેન જેવા સંગીતકારે સંગીતના નવા સૂરો આપ્યા. ખોરાક, પોશાક, અલંકારો, રહેણીકરણી તથા સંસ્કૃતિમાં પણ હિંદુ-મુસ્લિમ પ્રજા દ્વારા સમન્વય સાધવામાં આવ્યો. પરિણામે આર્થિક દષ્ટિએ, ભારત ખૂબ જ સુખી અને સમૃદ્ધ બન્યું. તેથી વિદેશી પ્રજાઓએ ભારત પર કઈ રીતે પોતાની સત્તાઓ જમાવવા પ્રયાસો હાથ ધર્યા, તે હવે પછી જોઈશું.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો :**

(1) બાબરની કારકિર્દી જણાવી તેની સિદ્ધિનું મૂલ્યાંકન કરો.

(2) શેરશાહની સિદ્ધિઓ વર્ણવો.

(3) અકબરના વિજયોનું વર્ણન કરો.

(4) શાહજહાઁના સમયે તેણે કરેલાં બાંધકામ જણાવો.

(5) મુઘલયુગની સામાજિક સ્થિતિનું આલેખન કરો.

**2. ટૂંકમાં જવાબ આપો :**

(1) હુમાયુની નિષ્ફળતાનાં કારણો આપો.

(2) ફરીદખાઁને 'શેરખાનનો' ઇલકાબ કોણે આપ્યો?

(3) અકબરની ધાર્મિકનીતિ ટૂંકમાં જણાવો.

(4) અકબરની રાજનીતિની સફળતાનાં બે કારણો દર્શાવો.

(5) શાહજહાઁનાબાદ કોણે વસાવ્યું? આજે તે કયા નામે ઓળખાય છે?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ જણાવી ઉત્તર આપો :**

(1) પાણીપતનું પ્રથમ યુદ્ધ ક્યારે થયું ?

(A) ઈ.સ. 1526 (B) ઈ.સ. 1540 (C) ઈ.સ. 1542 (D) ઈ.સ. 1567

(2) અકબરનો જન્મ ક્યાં થયો હતો ?

(A) અમરકોટ (B) તહેરાન (C) દિલ્હી (D) આગ્રા

(3) જહાઁગીરની બેગમ નૂરજહાઁનું મૂળ નામ શું હતું ?

(A) જેબૂન્નિસા (B) મહેરૂન્નિસા (C) જહાઁઆરા (D) આલમઆરા

(4) શાહજહાઁએ પોતાની બેગમની યાદમાં કઈ ઇમારત બંધાવી ?

(A) જુમ્મા મસ્જિદ (B) લાલ કિલ્લો (C) તાજમહાલ (D) કુતુબમિનાર

(5) ઔરંગઝેબે તેની બેગમનો મકબરો ક્યાં બંધાવ્યો ?

(A) ઔરંગાબાદ (B) જૌનપુર (C) આગ્રા (D) ફતેહપુરસિક્રી

●●●